# S'સાર્ત્રનો સાહિત્યવિચાર' વિશે | રસિક શાહ

[**સાર્ત્રનો સાહિત્યવિચાર :** લે. સુમન શાહ, પ્ર. પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૧, બીજી આવૃત્તિ ૨૦૦૭, પૃ. ૧૨૮, કિં. રૂ.૬૫]

સાર્ત્રનાં સમૃદ્ધ વ્યક્તિત્વનાં એકબીજા સાથે અવિનાભાવી સંબંધ ધરાવતાં બે પાસાં – સર્જન અને ચિંતન. એનો કોઈ પૂર્વાપર ક્રમ નથી. સુમન શાહે પસંદગી કરી છે સાહિત્યિક પાસાંને રજૂ કરવાની. ચિંતનાત્મક પાસાંની વાત કર્યા વગર આ ન કરી શકાય. ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી વણસેલી યુરોપની સ્થિતિમાં માનવને અસંગતિ અને પરાયાપણાની અનુભૂતિ તીવ્રતાથી અને સતત થવા માંડેલી. એવી અનુભૂતિનાં બીજ માનવી હોવાપણાને લઈને એની ચેતનામાં પડેલાં જ હોય. યુદ્ધોત્તર યુરોપના વિશિષ્ટ સાંસ્કૃતિક વાતાવરણે, અનુભૂતિની સંવેદનાની માત્રાને ધાર કાઢી. કિર્કેગાર્ડ, નિત્શે, યેસ્પર્સ આદિ ચિંતકોએ અને દોસ્તોએવસ્કી જેવા સર્જકોએ આવી અનુભૂતિ માટેની ભૂમિકા સર્જેલી જ હતી. પરંતુ સર્જક સાર્ત્ર એનામાં રહેલા ચિંતકથી એક ડગલું હંમેશાં આગળ રહ્યા. સાર્ત્રનાં આ બન્ને પાસાંના સઘન અભ્યાસી સુમન શાહે કહ્યું જ છે, 'સાર્ત્રનો સાહિત્યવિચાર એના માનવવિચારનો સંવિભાગ છે.' સાર્ત્રનાં સાતેક અને અન્ય પંદર-વીસ પુસ્તકો અને લેખોમાંથી દોહન કરીને, એનો સાહિત્યવિચાર તારવીને સિત્તેરેક પાનાંમાં પ્રગટ કરવાનું સાહસ લેખકે કર્યું છે. મને સ્પષ્ટ લાગ્યું છે કે સુમને એ કોઈને માટે નહિ, પોતાને માટે જ લખ્યું છે – પોતાને પામવા માટે. નિવેદનનો ઉઘાડ કરતાં જ લેખક લખે છે : 'સાર્ત્રનું વીસમી સદીની કાવ્યમુદ્રા ઉપસાવવા મથતા આ સંચયમાં તેની નાની-મોટી તમામ ખાસિયતોને ચરિતાર્થ કરી આપતી પરિચિત-અપરિચિત રચનાઓનો સમાવેશ થયો છે. ઉદાર મૃત્યુ (૭૫ વર્ષની વયે ૧૯૮૦માં) મારા માટે એક ઉગારનું કારણ બની ગયું. એમનાં વિશ્વમાં નવેસરથી પાછો જઈને હું મારા કેટલાક છિન્ન અંશોને પરત મેળવી શક્યો. જીવન અને કવન વિશેની મારી કેટલીક મૂળભૂતતાઓનું એક બિંદુ સાર્ત્ર પણ છે એવી કશીક પ્રતીતિ મળી.' (લેખકનું બીજું એવું બિંદુ સ્વ. સુરેશ જોષી છે.)

પુસ્તિકામાં કઈ દસ બાબતોને સાર્ત્રે ચર્ચી છે એની યાદી આઠમા ખંડમાં એમણે આપી છે. એનું પુનર્લેખન ટાળવું જ રહ્યું. સુમન શાહનાં લેખનનું અર્થઘટન કે મૂલ્યાંકન કરવાનું પણ સહેતુક ટાળું છું. એમણે સાર્ત્રની નાટ્યકૃતિ 'ધ ફ્લાઇઝ'ની 'પરિચયાત્મક સમીક્ષા' આપતાં પણ સાર્ત્રનાં બન્ને પાસાંની અનિવાર્યતયા વાત કરી છે. મારી દૃષ્ટિએ લેખકે સાર્ત્રની પહેલી સર્જનાત્મક નવલકથા 'નોસિયા'ની સમીક્ષા આપી હોત તો વાચકને સાર્ત્રના વિચારવિશ્વમાં પ્રવેશ કરવાની મોટી તક મળી રહેત. મૂળ ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં અનૂદિત થયેલી આ ખૂબ જ પ્રતિષ્ઠિત નવલકથા વિશે એલ. અલેકઝાન્ડરે કરેલા બીજા અનુવાદના પ્રકાશકે કહ્યું છે : '૧૯૩૮માં લખાયેલી આ પહેલી નવલકથા સાર્ત્રની સાહિત્યિક સિદ્ધિની કલગી છે. સાર્ત્ર જેનાથી ઓળખાયા છે એ અસ્તિત્વવાદી વિચારણાની સર્જનાત્મક રજૂઆતનો આ નવલકથા પ્રથમ દીર્ઘ પ્રયાસ છે.'

સુમન શાહ આ મહત્તાથી સુપેરે પરિચિત છે. એમણે કહ્યું છે : 'નોસિયા'નો ટોકિન્તા પોતાનાં ખરાં સ્વત્વને વિશ્વના એક પૂરેપૂરા મુક્ત ચેતનાના રૂપે પામે છે તે વસ્તુઓને લીધે. વસ્તુઓને માત્ર અસ્તિત્વ જ છે, કશા આવશ્યક કારણ વિનાનું. માત્ર માનવ જ એવી વસ્તુ છે જે એના અસ્તિત્વની વાસ્તવિકતાને અર્થપૂર્ણ બનાવવા માટે સ્વતંત્ર છે અને એ પોતાની સમ્પૂર્ણ જવાબદારીથી, પૂરી પ્રામાણિકતાથી એનો સામનો કરીને એને અર્થપૂર્ણ બનાવે છે. વિશ્વમાં પોતે ફંગોળાયેલો હોવા છતાં 'વિશ્વ' એને કારણે જ પ્રગટે છે. માનવઅસ્તિત્વ જ વાસ્તવિકતા(સત્)ને અર્થ અર્પે છે. અસ્તિત્વ અર્થનું પુરોગામી છે. (Existence precedes essence.) નિર્ભ્રાન્ત થઈને જીવવાની એની પાસે અનિવાર્ય એવી પસંદગી છે. (સનાતન આધ્યાત્મિક મૂલ્યોને સાર્ત્ર નકારે છે.) લેખક યોગ્ય રીતે નોંધે છે કે સાર્ત્રની અસ્તિત્વવાદની વિચારણા કે ફિલસૂફી શાસ્ત્રમાં પરિણમી તે પહેલાં 'નોસિયા'માં એમણે મનુષ્યજીવનને સતત સંકડામણમાં લેતાં પરિબળોનું સૂક્ષ્મ નિરીક્ષણો દ્વારા નિરૂપણ કર્યું છે.

સુમન શાહે સાર્ત્રની અસ્તિત્વવાદી વિચારણાની દાર્શનિક પીઠિકા આપવાના નિમિત્તે એમના 'નવ્ય માર્ક્સવાદ' તરફના ઝોકની અને પછીથી એ વિશેની નિર્ભ્રાન્તિની વાત પણ વિગતે કરી છે. જે નિમિત્તે કામુ જાણીતા થયા એ અસંગતિ (absurdity)ની વાત કરતી વખતે સાર્ત્રને હાઇડેગર અને હુસેર્લની ફિનોમિનૉલોજીના પ્રભાવની અને એમાંથી મુક્ત થયાની વાત પણ કરવી પડે છે. સુમન શાહે, સાર્ત્રને સર્જક અને ચિંતક લેખે ફરી ફરીને પ્રામાણિકપણે (genuinelyના અર્થમાં) જેનો સામનો કરવો પડે છે એવા વિરોધાભાસની વાત કરી છે — દરેકેદરેક અનુભવોને વ્યક્ત કરી શકવાની ભાષાની અપાર શક્યતાનો વિચાર લેખે સ્વીકાર અને સાહિત્યસ્વરૂપો અનુભૂતોને વિ-કૃત કરે છે એવી સાર્ત્રને થયેલ પ્રતીતિ – ટૂંકમાં 'ભાષાકીય આશાવાદ અને સાહિત્યસ્વરૂપપરક નૈરાશ્ય'. આ વિરોધ હતો કે વિરોધાભાસ ? વિરોધ હતો તો સાર્ત્રે એનું કઈ રીતે નિરાકરણ કર્યું અને વિરોધાભાસ હતો તો એ વિચારણામાં ક્યાં તર્કદોષ (fallacy) હતો એની ચર્ચા-વિચારણા સુમન શાહની આ પુસ્તિકામાં નથી મળતી.

લેખકની સાર્ત્રને રજૂ કરવાની સન્નિષ્ઠાને બિરદાવવી જ રહી. એમની સમજની રજૂઆત કેવી સરળતાથી, ભાષાની કેવી પ્રવાહિતાથી થઈ શકે છે એ માણવા માટે પાંચમા ખણ્ડનું પંદરમું પાનું બરાબર વાંચી જવું. એમાં એક પણ ભારેખમ લાગતી તાત્ત્વિક વિભાવનાનો ઉપયોગ કર્યા વગર લેખક સાર્ત્રની અસ્તિત્વવાદી વિચારણાને વિશદતાથી રજૂ કરી શક્યા છે. આખા અભ્યાસ દરમ્યાન લેખક આ શક્તિને સુસંગત રહ્યા હોત તો પુસ્તિકામાં ઠેર ઠેર નડતા ગતિભંગો(speed breakers)નો ભોગ સજ્જ વાચકને ન બનવું પડત. (અનૂદિત અંગ્રેજી તાત્ત્વિક વિભાવનાઓ રૂપી ગતિભંગનો નમૂનો સત્તાવીસમા પાને દસમા ખણ્ડમાં સોળથી એકવીસ લીટીઓ આ સંદર્ભમાં વાંચવા જેવી છે.) ૧૯૮૦માં કદાચ એ વિભાવનાઓનું ગુજરાતીકરણ મુશ્કેલ લાગ્યું હશે. એ મુશ્કેલીઓથી સુપરિચિત લેખકે નજીકના ભૂતકાળમાં મહુવામાં એ વિષયનો સેમિનાર યોજીને સોએક જેટલી વિભાવનાઓ વિદ્વાનોને અર્થ સ્પષ્ટ કરી બને તો ગુજરાતીકરણ કરવા માટે સોંપેલી. એના અનુસંધાનમાં પચીસ વર્ષ પછી કરાયેલી બીજી આવૃત્તિમાં પરિભાષાની સમસ્યાને હળવી કરી શકાઈ હોત. સુરેશ જોષીએ, મધુસૂદન બક્ષીએ, ચંદ્રકાન્ત શેઠે, અરુણ અડાલજાએ, હરિવલ્લભ ભાયાણીએ, કંઈક અંશે આ લખનારે અને અન્યોએ એવું કરી બતાવ્યું છે. એવું થયું હોત તો વાચકને, વિદ્યાર્થીને ઘણી રાહત રહેત.

પણ લેખકે આ પુસ્તિકા લખવા પાછળ એવો કોઈ પરોપકારી આશય સેવ્યો નથી. એટલે એની ફરિયાદ ન હોય. લેખક જાણે કે મોઘમમાં કહે છે : 'હું ક્યાં કોઈને કેળવવા આવ્યો છું ? હું તો બસ મને મળવા આવ્યો છું.'

સાર્ત્ર નિમિત્તે લેખક પોતાને કેવી રીતે મળ્યા એનો આલેખ મળે એવી આશા સાથે વિરમું.